ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહેરના મોટાભાગના એટીએમ 'કેશલેસ' બન્યા...!!

## લગ્નગાળાની સીઝન અને માર્ચએન્ડિંગમાં પગાર તારીખોમાં જ એટીએમ કેન્દ્રો પર 'નો કેશ'ની પરિસ્થિતિએ નાગરિકો પરેશાન

ગાંધીનગર, તા.૫

શહેરમાં છેલ્લા ચારેક દિવસથી એટીએમ સેન્ટરો પર કેશ ઓછી હોવાની અથવા ના હોવાની પરિસ્થિતિ સર્જાઈ છે. જેના પગલે શહેરમાં રોકડની હંગામી ખેંચ સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. ગુજરાત રાજયના પાટનગરમાં બેંકોના એટીએમ કેન્દ્રો 'કેશલેસ' થતા અનેક નાગરિકો નાની-મોટી પરેશાનીનો ભોગ બની રહ્યા છે.

એક તરફ શહેરમાં ફરી એકવાર લગ્નગાળાની મૌસમનો પ્રારંભ થયો છે ત્યારે બીજી તરફ આ સમયે શહેરના મોટાભાગના એટીએમ કેન્દ્રો 'કેશલેસ' બનવા પામ્યા છે. પાટનગર હોવાને




નાતે શહેરમાં સરકારી કર્મચારીઓનો ખૂબ મોટો સમૂહ વસવાટ કરે છે. જેમના પગાર કે પેન્શન ખાતા સ્ટેટ બેંક જેવી સરકાર હસ્તક બેંકમાં હોય તે સ્વાભાવિક છે. લગ્નસીઝનમાં જયાં નાના-મોટા વ્યવહારો રોકડમાં થતા હોય છે ત્યારે એસબીઆઈના કેટલાંક એટીએમ કેન્દ્રો પર વારંવાર કેશ ખુટી પડવાની પરિસ્થિતિ સર્જાઈ રહી છે જે નાગરિકો માટે પરેશાનીરૂપ બની રહી છે. એસબીઆઈના વિવિધ એટીએમ કેન્દ્રો જેવા કે ઘ-૫ પેટ્રોલ પંપ, ઘ-૩ પેટ્રોલ પંપ, સે-૨૭ના ૨૪ ચોકડી પાસે, સેકટર-૬, સેકટર-૩-ન્યુ, સે-૨૮ સરકારી ઈજનેરી કોલેજ, સરગાસણ ચાર રસ્તા વગેરે સ્થળો પરના એટીએમ કેન્દ્રો પર કેશ ના હોવાને કારણે ગ્રાહકોને ધરમધક્કા પડી રહ્યા છે. આ પ્રકારની પરિસ્થિતિ બેન્ક ઓફ ઈન્ડિયાના સિવિલ હોસ્પિટલ કેમ્પસ, વાવોલ વગેરે એટીએમ કેન્દ્રો પર પણ જોવા મળી રહી છે.

પુરબહારમાં ખિલી રહેલી લગ્ન સીઝન અને હિસાબી વર્ષના સમાપન જેવા માર્ચ એન્ડિંગના સમયમાં એટીએમ મશીનો કેશલેસ થવાને કારણે ગ્રાહકોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. પગાર તારીખ અને માર્ચ એન્ડિંગમાં ચુકવવાના નાના-મોટા હિસાબો વગેરે પ્રત્યે પરેશાની ભોગવી રહેલા ગ્રાહકો અંગે બેંક સત્તાવાળાઓ આંખ આડા કાન કરી રહ્યાં છે.

### આરબીઆઈમાંથી કરન્સી ઓછી આવતી હોવાની ચર્ચા

રીઝર્વ બેંક દ્વારા બેંકોને આપવામાં આવતી રોકડમાં ઘટાડો કરાયો છે જેની પાછળ બેંક દ્વારા નવી ૨ હજારની કરન્સી નોટ છાપવામાં લાગી રહેલો સમય જવાબદાર હોવાનું વિશ્વસનીય સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. શહેરની બેંકોની શાખાઓમાં આરબીઆઈ તરફથી આવતી કરન્સી ઘટતા આ પરિસ્થિતિ સર્જાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા 'આહાર' ફૂડ ફેસ્ટીવલ યોજાશે

ગાંધીનગર, તા. ૫

જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા ૧૨મી માર્ચને સોમવારે બપોરે ૨ થી ૫ કલાકે ટાઉનહોલ ખાતે 'આહાર' ફૂડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે.

ફૂડ ફેસ્ટિવલનું આયોજન ફૂડ સ્ટાઈલિસ્ટ હીના ગૌતમ, ખાના ખજાના વિજેતા તથા જાણીતા અખબારના કોલમીસ્ટ ગીતા ખુમાણ તેમજ કુકીંગ એક્ષપર્ટ દ્વારા કરવામાં આવ્યું છે. ફેસ્ટિવલના આકર્ષણોમાં શાસ્ત્રીય પરિભાષામાં આહારનું મહત્વ જણાવવામાં મળશે. ભક્ષ્ય-અભક્ષ્ય આહારનો ભેદ સમજાવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રેસીપી એક્ષપર્ટ દ્વારા અઘરી લાગતી રેસિપી સરળ શૈલીમાં જણાવવામાં આવશે.

કાર્યક્રમમાં સ્વાદ રસિકો જયણા પૂર્વક ઝટપટ સ્વાદિષ્ટ વાનગી ગ્રુપમાં બનાવી શકાશે. ફેસ્ટિવલમાં ૨ કલાક પછી, તેમજ બાળકો સાથે પ્રવેશ કરી શકાશે નહી. ફેસ્ટિવલની વધુ માહિતી માટે પ્રમુખ વિનોદ શાહ - ૯૯૨૫૮ ૪૮૦૦૧ તથા ઉપપ્રમુખ કૌશીક શાહ - ૯૯૭૮૪ ૪૧૯૫૦ને સંપર્ક કરી શકાશે.

# ત્રણ ગામમાં ચાલતા દેશી દારૂના અડ્ડાઓ પર ચિલોડા પોલિસના દરોડા

## સાદરા, આલમપુર અને ઈસમપુર મોટા ગામમાં દરોડા પાડી સાત લીટર દારૂ જપ્ત

ગાંધીનગર, તા.૫

ચિલોડા પોલિસે ગઈ કાલે એક દિવસમાં ત્રણ ગામોમાં ચાલતા દેશી દારૂના અડ્ડાઓ ઉપર દરોડા પાડી સાત લીટર દેશી દારૂ પકડયો હતો. જો કે ત્રણેય અડ્ડાઓ ઉપરથી એકેટ બુટલેગર પોલિસને મળી આવ્યો ન હતો. પોલિસે ત્રણેય કેસ કરીને બુટલેગરની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલાની ટીમે સાદરા ગામમાં પંકજ ગુગા ઠાકોરના અડ્ડે દરોડો પાડી ૩ લીટર દેશી દારૂ પકડયો હતો. તે ઉપરાંત આલમપુર ગામમાં જીતેન્દ્ર નારાજી ઠાકોરના અડ્ડે દરોડો પાડીને બે લીટર દેશી દારૂ પકડયો હતો તે ઉપરાંત ઈસનપુર મોટા ગામમાં રાજેન્દ્ર જુહા ઠાકોરના અડ્ડે દરોડો પાડીને બે લીટર દેશી દારૂ પકડી પાડયો હતો. ત્રણેય સ્થળે દરોડા પાડી સાત લીટર દેશી દારૂ જપ્ત કરી લેવાયો હતો. જયારે ત્રણેય બુટલેગર સ્થળ પર મળી ન આવતા ત્રણેય વોન્ટેડ બુટલેગરોને પકડવા તજવીજ શરુ કરવામાં આવી છે.




પતંજલી ચિકિત્સાલય, સેક્ટર -૬, ગાંધીનગર દ્વારા આજથી બીજી જૂન ૨૦૧૮ એટલે કે ૯૦ દિવસ માટે નિશુલ્ક યોગ કેમ્પનું આયોજન કવામાં આવ્યું છે. જેનો સમય સવારે સમયઃ ૫:૪૦ થી ૭:૧૫ સુધીનો રહેશે. આ કેમ્પનો શહેરના નાગરિકોએ મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

# ચાર મહિનાથી વોન્ટેડ ચોરીનો આરોપી ઝડપાયો

## સે-૨૫ જીઆઈડીસી-ઝુંપડા વસાહતમાંથી આરોપીને સે-૨૧ પોલિસે દબોચી લીધો

ગાંધીનગર, તા.૫

શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે ઝુંપડા વસાહતમાં ચાર મહિનાથી નાસતો ફરતો ચોરીના ગુનાનો આરોપી છુપાયો હોવાની માહિતીને આધારે સે-૨૧ પોલિસની ટીમે આરોપીને દબોચી લીધો હતો. આરોપીની ધરપકડ કરી લઈ સે-૨૧ પોલિસની ટીમે ઉંડી પુછપરછ શરુ કરી છે.

સેકટર-૨૧ પી.આઈ. નિરજ પટેલની સુચનાથી તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી તેમને પકડી પાડવા સક્રીય થઈ છે. દરમિયાન ચાર માસથી નાસતો ફરતો ચોરીના ગુનાનો આરોપી સુભાષ ઉર્ફે લોબડો કિશન નારૂ દેવીપૂજક સે-૨૫માં હોવાની બાતમી સે-૨૧ પોલિસ સ્ટેશનના ડીસ્ટાફને મળી હતી. બાતમી આધારે ડીસ્ટાફે સે-૨૫ ઝુંપડા વસાહતમાં જઈ બાતમીવાળા મકાનમાંથી સુભાષ ઉર્ફે લોબડો દેવીપૂજકને પકડી પાડયો હતો. સે-૨૧ પોલિસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧ અને ૧૧૪ મુજબ તેના સામે ચાર માસ પહેલા ગુનો નોંધાયો હતો. આરોપીની ધરપકડ કરી તેને કોર્ટમાં રજુ કરી એક દિવસમાં રીમાન્ડ મળતા પોલિસે તેની ઉંડી પુછપરછ હાથ ધરી છે.

# 'સદ્‌ભાવના માટેના આશાવાદને જીવતો રાખીએ' વિષયે વકતવ્ય યોજાયું

શહેરમાં વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળ દ્વારા સાંપ્રત સમયમાં સદભાવના, સંવેદના અને સમન્વયના પર્યાયની ખોજમાં વિચારશીલ તથા ચિંતનશીલ વ્યકિતઓનો સમાલાપ થાય તે હેતુથી વિચાર-વિમર્શનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિચાર વિમર્શ કાર્યક્રમ તા. ૪થી માર્ચ રવિવારે સવારે કડી સર્વ વિદ્યાલય સંકુલની એસ.કે. પટેલ એમબીએ કોલેજ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે પૂર્વ પ્રાધ્યાપક ડૉ. મુકુન્દ કોટેચા ઉપસ્થિત રહ્યા હતા જેમણે 'સદ્‌ભાના માટેના આશાવાદને જીવતો રાખીએ' વિષયે મનનીય વકતવ્ય આપ્યું હતું.

# સે-૭-ડી ના મનપાને લગતા પ્રશ્નો અંગે રજુઆત

ગાંધીનગર, તા.૫

સ્વચ્છતા, બગીચા અને અન્ય પ્રશ્નો અંગે ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડીના પ્રમુખ જયંતભાઈ જી. ભટ્ટે મેયર પ્રવિણભાઈ પટેલને લેખિત રજુઆત કરેલ છે.

૭ મહિના પહેલાં સેકટરના આંતરિક રસ્તા રી-સર્ફેસીંગ કરવાની શરૂઆત થઈ હતી પરંતુ વર્ષના છેલ્લા મહિના સુધી સે-૭-ડીના આંતરિક રસ્તાઓ મરામત થયા નથી.

આંતરિક રસ્તાઓનું સફાઈ કામ શરૂ થયું નથી. ચૌધરી શાળા-જી સાયકલ સ્ટેન્ડ સામે સેકટર-૭-ડીની ફુટપાથ અને સાયકલ ટ્રેક પર ૪ ફુટનો ખાડો છે. (પાણી પુરવઠાનો વાલ્વ છે.) રાત્રે અંધારામાં વયસ્ક, સાયકલ ચલાવતા બાળકોને ખાડામાં ખાબકવાનો ભય છે તો તાત્કાલિક સત્વરે ખાડો પુરાવવાની વ્યવસ્થા કરવી જરુરી છે.

સેકટર-૭-ડીના બગીચાનું કામ મહાનગરપાલિકાએ સંભાળેલ છે. પગથી તૂટી ગઈ છે. નાના મોટા ખાડા પડેલ છે. વયસ્ક લોકો સવાર સાંજ ચાલતા હોય ત્યારે અકસ્માતનો ભય છે. બગીચામાં સોલર લાઈટ બંધ છે. બિસ્માર બાંકડાઓનો નિકાલ કરી અન્ય બાંકડા મુકવા જેવા જરુરી પ્રશ્નોના નિકાલ માટે આ વિસ્તારના કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ, પાર્વતીબેનને પણ રજુઆત કરવામાં આવી છે.

# બી.સી.એ. કોલેજમાં મલ્ટીમીડિયા-એનીમેટેડ પ્રોમો ક્રિએશન વિષય પર સર્ટીફીકેટ કોર્ષ યોજાયો




ગાંધીનગર, તા.૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમપ્યુટર સ્ટડીઝ-બીસીએ કોલેજમાં મલ્ટીમીડિયા-એનીમેટેડ પ્રોમો ક્રિએશન વિષય પર ૨૦ કલાકનો એક સર્ટીફીકેટ કોર્ષ યોજાઈ ગયો. કડી સર્વ વિશ્વ વિદ્યાલયની બી.સી.એ. કોલેજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ છે. કોઈ પણ યુનિ.માં અભ્યાસક્રમની સાથે સાથે રોજ રોજ થતા ડેવલપમેન્ટથી વિદ્યાર્થીઓને માહિતીસભર બનાવવા આવા સર્ટીફીકેટ કોર્ષ અત્યંત જરુરી ગણાય છે.

ચાલુ વર્ષના આ દ્વિતિય સર્ટીફીકેટ કોર્ષ અંગે માહિતી આપતા કોલેજના ડાયરેકટર ડૉ. સંજયભાઈ શાહ જણાવે છે કે મલ્ટીમીડિયા ટેકનોલોજીમાં ખુબ પ્રચલિત એવા ફોટોશોપ, અડોબે આફટર ઈફેકટ ઓડોસીટી અને ઈડુંસ જેવા સોફટવેરની જાણકારી દરેક વિદ્યાર્થીને પોતાની ઉજજવળ કારકિર્દી માટે ખુબ જ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. આ કોર્ષમાં કુલ ૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કોર્ષ અંતર્ગત વિદ્યાર્થીઓએ ફોટોશોપમાં વિવિધ ટૂલ્સના ઉપયોગ સાથે પ્રોફેશનલ સ્કીલ મેળવી હતી. અડોબે આફટર ઈફેકટમાં વિદ્યાર્થીઓને વિડીઓમાં અપાતી જુદી જુદી મોશન ઈફેકટ, સ્મોક ઈફેકટ, પેનલ સેટિંગ તથા વીડીઓનાં સંકલન વિષે શીખવાડવામાં આવ્યું હતું.

આ કોર્ષમાં વિદ્યાર્થીઓને ઓડાસીટી સોફટવેર દ્વારા કોઈ પણ વ્યકિતનો રેકોર્ડ કરેલ અવાજ અલગ અલગ રીતે કેવી રીતે બદલી શકાય તેની જાણકારી આપવામાં આવી હતી. તથા અલગ અલગ ઈફેકટ જેવી કે વિડિઓમાં શેડીંગ, કલર ઈફેકટ તથા વિડીઓનું રેન્ડરીંગ શીખવાડવામાં આવ્યું હતું. વિષય નિષ્ણાત તરીકે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શુભમ પટેલ અને પ્રિતેશ કોઠીયાએ સેવાઓ આપી હતી. આ સમગ્ર કોર્સનું સફળ સંચાલન કોલેજના પ્રાધ્યાપક ડૉ. અભિજિતસિંહ જાડેજા, પ્રો. જૈમિની કુલકર્ણી તથા પ્રો. બીજલ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા કુટિર-ગ્રામોદ્યોગના કારીગરો માટેની તાલીમ આરંભાઈ

ગાંધીનગર, તા.૫

ગુજરાત સરકારના કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ હેઠળ કામગીરી કરતાં ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા ભરતકામના આશરે ૩ હજાર કારીગરોને ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી દ્વારા ગઈકાલથી તાલીમ શરુ કરી સરકારની નવી યોજનાનો અમલ કરવામાં આવ્યો છે.

ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા સરકારની નવી યોજના અન્વયે વંશપરંપરાગત કારીગરો, કુશળ કારીગરોને સ્કીલ અપગ્રેડેશન, આધુનિક સાધનો પુરા પાડવા તેમજ ખ્યાતનામ સંસ્થાઓ સાથે સમન્વય દ્વારા રોજગારીમાં વધારો કરવાની નવી યોજના માટે ભરતકામના કારીગરોને ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી દ્વારા સોમવારથી તાલીમ શરુ કરીને યોજનાનો અમલ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજયના તમામ વંશપરંપરાગત કારીગરો, કુશળ કારીગરો, ઈન્ટેક્ષ્ટ સી ગુજરાત માટીકામ કલાકારી, ગ્રામ ટેકનોલોજી સંસ્થા, ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગ્રીમકો તથા અન્ય વિભાગો સાથે સંકળાયેલ અંદાજીત ૩ હજાર જેટલા કારીગરોનું સ્કીલ અપગ્રેડેશન, આધુનિક સાધનો પુરા પાડવા, ખ્યાતનામ સંસ્થાઓ તથા ઉત્પાદન એકમો સાથે સમન્વય સાધીને કારીગરોની કુશળતામાં વધારો કરવાની સરકારી યોજના છે.

સોમવારે શરુ કરવામાં આવેલી તાલીમનું કુટિર અને ગ્રામોદ્યોગના સંયુકત નિયામક એમ.જે. મહેતા દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિનિયર ઓફિસર એ.એ. પંડીત, મેનેજર પી.ટી. પરમાર તથા આઈપીઓ આર.પી. સુતરીયા ઉપસ્થિત રહ્યા હતા. સરકારની નવી યોજના અંતર્ગત નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી દ્વારા ઈન્ડેક્ષ્ટ-સીના માર્ગદર્શન હેઠળ કારીગરોને જવેલરીકામ અને બ્લોક પ્રિન્ટીંગની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# એસ. કે.પટેલ પ્રિ-પ્રાયમરી શાળામાં વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ પ્રિ-પ્રાયમરી શાળામાં તાજેતરમાં તેજસ્વી અને રમત-ગમત ક્ષેત્રમાં અગ્રિમ સ્થાન



ધરાવતા વિદ્યાર્થીઓને સન્માનવાના હેતુથી પૂજય દાસકાકા અને પૂજય દિવાળીબા ઈનામ વિતરણ સમારોહ અને વર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સમારંભના મુખ્ય મહેમાન તરીકે કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ સી.પટેલ, અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા, એમ. બી. પટેલ ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન અને એસ. જી. પ્રાયમરી ઈંગ્લિશ મીડિયમ ના પ્રિન્સિપાલ મિલી સિંઘે હાજરી આપી હતી.

આ પ્રસંગે એસ. વી. કે. એમ.ના ચેરમેન તથા કે. એસ. વી. ના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલે ખાસ હાજરી આપી કાર્યક્રમને મન મૂકીને માણ્યો હતો અને પ્રિન્સિપાલ દિપાલી જોષી અને શાળા પરિવારને સુંદર આયોજન બદલ અભિનંદન આપ્યા હતા. કેમ્પસની તમામ ભગિની સંસ્થાઓના પ્રિન્સિપાલ શ્રીઓએ પણ હાજરી આપી, બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. ભાઈ-બહેનના પ્રેમની થીમ આધારિત વિદ્યાર્થીઓએ એક-એકથી ચડિયાતી કૃતિઓ રજૂ કરી સૌની દાદ મેળવી હતી. વિદ્યાર્થીઓએ પોતાની કૃતિમાં પરિવાર, ભાઈ-બહેનની મીઠી-છેડછાડ, રક્ષાબંધન, લગ્ન અને કન્યા-વિદાય જેવા પ્રસંગોનો અદભૂત માહોલ રચી એવા ભાવભીના વાતાવરણનું સર્જન કર્યું હતું કે, ઉપસ્થિત સૌ પ્રેક્ષકોની આંખો અશ્રુમય બની ગઈ હતી. વાલિમિત્રોએ પણ શાળાના આ વાર્ષિકોત્સવમાં હાજરી આપી વિદ્યાર્થીઓ દ્વારા ભજવાતા આ કાર્યક્રમને માણ્યો હતો.

# કીડ્ઝી પ્લેગૃપનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૫

'બેટી બચાવો, બેટી પઢાઓ' થીમ અંતર્ગત કીડ્ઝી પ્લેગૃપ ચાંદખેડા દ્વારા તાજેતરમાં વાર્ષિકોત્સવ યોજાઈ ગયો.

આ પ્રસંગે ચાંદખેડા પોલિસ સ્ટેશન પી.એસ.આઈ. કે.આઈ. પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

પ્લેગૃપના અધ્યક્ષા શ્રીમતી રીતિ અગ્રવાલે આ પ્રસંગે કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌનો આભાર પ્રગટ કર્યો હતો.

# સુરક્ષા કર્મીઓનું સન્માન કરતા સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો

## વેલન્ટાઈન ડે થી માંડીને હોળી દરમિયાન સર્વ વિદ્યાલયના ત્રણેય કેમ્પસના સિકયુરિટી ગાર્ડનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના વિદ્યાર્થીઓ અવારનવાર તેમની સંવેદનાત્મક વિચારસરણીની પ્રતિતિ કરાવતા રહે છે. યુવા વર્ગ માત્ર પોતાની મોજ-મસ્તી કે સ્વચ્છંદતામાં રચ્યો પચ્યો રહે છે તેવા આક્ષેપોને શહેરના યુવા વિદ્યાર્થીઓએ અનેકવાર ખોટા પાડયા છે. શહેરના કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓના સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા સિકયુરીટી ગાર્ડસ જેવા કર્મચારીઓનું સન્માન કરી આ સાબિત કર્યું છે.

વેલેન્ટાઈનનું પર્વ યુવા હૈયાઓના પ્રેમની અભિવ્યકિતનું પર્વ ગણાય છે તેજ રીતે હોળી-ધુળેટીનું પર્વ પણ યુવાનોની દિલફેંક મસ્તીનું પર્વ બની ગયું હોવાની વાતો થતી હોય છે. આ સંજોગોમાં સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા વેલેન્ટાઈન ડે થી માંડીને હોળીના દિવસ સુધી કડી સર્વ વિદ્યાલય સંલગ્ન સે-૨૩, સે-૧૫ અને સે-૧૨ના તમામ સંકુલોના વિવિધ દરવાજે પોતાની ફરજ બજાવતા સિકયુરિટી ગાર્ડને શાલ ઓઢાડી મ્હોં મીઠું કરાવવામાં આવ્યુ હતું. સિકયુરિટી ગાર્ડસ હંમેશા ખડે પગે સેવાઓ આપી સંસ્થામાં આવતા વિદ્યાર્થીઓ, કર્મચારીઓ તથા મુલાકાતીઓને સુરક્ષા બક્ષતા હોય છે. પરંતુ કોઈ કાર્યક્રમમાં તેમનું સન્માન થતું નથી. પોતાની ફરજના કારણે તેઓ કાર્યક્રમો અને ઉત્સવો દરમિયાન પણ ફરજ નિભાવવામાં વ્યસ્ત હોય છે આ બાબતને ધ્યાને રાખીને સર્વ નેતૃત્વ ગૃપના વિદ્યાર્થીઓ તન્મય પટેલ, રાહુલ સુખડિયા, કૌશિક પ્રજાપતિ, સુરજ મુંજાનિ, વિજન્દ્ર દેવડાં, કોમલ પટેલ, આશિષ તિવારી, વિશરાન્ત પટેલ, વૈભવ ચિત્રોલા, અક્ષય સુખડિયા વગેરેએ આ અનોખો કાર્યક્રમ હાથ ધર્યો હતો.



## ચિરવિદાય

- સ્વ. પટેલ અનિતાબેન જશુભાઈ, ઉ.વ. ૪૮
- સ્વ. ઠાકોર કાન્તાબેન કાળાજી, ઉ.વ. ૬૫